## ડાયરેક્ટ ❤ સે

મન હોય
ત્યાં પગ મૂકજો વહાલા
સ્વમાન અહીં
દરેકને હોય છે
હારવું જ પડે
તો એ રીતે હારો વહાલા
કે જીતનાર માટે
એ જીવનભરનું
સંભારણું થઈ જાય

## જન્મદિને વધામણી



પ્રમોદ જી દવે



અથર્વ પ્રતીક મોદી
મો. ૯૯૭૪૬ ૩૦૯૪૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા કોમ્પ્યુટર સજ્જતા વર્કશોપ

### તાલીમાર્થીઓને માઈક્રોસોફ્ટ પાવરપોઈન્ટમાં પ્રેઝન્ટેશન, વિવિધ ચાર્ટ કઈ રીતે બનાવી શકાય તેની પધ્ધતિસરની માહિતી અને તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ એસ પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને ાર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બી એડ કોલેજ, સેકટર-૨૩, ગાંધીનગરના તાલીમાર્થીઓ કોમ્પ્યુટરના વિષયથી સજ્જ થાય તે હેતુથી ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ બે દિવસીય કોમ્પ્યુટર સજ્જતા વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમાર્થીઓને માઈક્રોસોફ્ટ પાવરપોઈન્ટમાં પ્રેઝન્ટેશન, વિવિધ પ્રકારના ચાર્ટ કઈ રીતે બનાવી શકાય તેની પધ્ધતિસરની માહિતી અને તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્માર્ટ બોર્ડનો શિક્ષણમાં ઉપયોગ અને તેના વિવિધ આઈકોનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે પણ માહિતી તાલીમાર્થીઓને આપવામાં આવી હતી. પૂજા જોષી સ્વાતિબેન, મિરાજ પહાડી દ્વારા વિદ્યાર્થીઓને આ તાલીમ પૂરી પાડવામાં આવી હતી.

લાયન્સ ક્લબ સ્વર્ણિમ દ્વારા

# જીઆઈપીએસ ખાતે 'બેટી બચાવો' કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે ભારતીય લાયન્સ ક્લબ સ્વર્ણિમ દ્વારા 'બેટી બચાવો, બેટી વધાવો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્લબ પ્રમુખ કુંપલ દવેની આગેવાની હેઠળ આ કાર્યક્રમમાં ધો. ૧૧ અને ધો. ૧૨ના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને જોડવામાં આવ્યાં હતાં.

દીકરી પ્રત્યે ખોટાં વલણો - હકારાત્મક વલણોમાં ફેરવાય તે હેતુસર કમિટી સભ્યો દ્વારા અને વિદ્યાર્થીનીઓ દ્વારા ખૂબ જ પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરી નવીન આશા પ્રગટાવવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પણ સ્ત્રી સશક્તિકરણ ઉપર ભારપૂર્ણ વક્તવ્ય આપી નવીન વિચારો પ્રગટ કરી નવીન સમાજરચના તરફ સૌને પ્રેરિત કર્યા હતાં.

સમગ્ર શાળા સ્ટાફે આ ઉપક્રમમાં સક્રિયપણે સામેલ થઈ દીકરી પ્રત્યેની સન્માનની લાગણીને સુપેરે પ્રગટ કરી હતી.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે

# ઓછી ઉંમરવાળા વિદ્યાર્થીઓનાં ફૉર્મ બૉર્ડ દ્વારા રૂબરૂ સ્વીકારવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ઓછી ઉંમર ધરાવતા વિદ્યાર્થીઓના ફોર્મ સ્વિકારવામાં આવતા ન હોઈ બોર્ડ દ્વારા ત્રણ પુરાવા સાથે રૂબરૂમાં બોર્ડની કચેરીએ ૩૦ ડિસેમ્બર સુધીમાં ફોર્મ સ્વિકારવાનું નક્કી કર્યુ છે. જોકે, બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાયા બાદ ફરી વિવાદ શરૂ થયો છે. બોર્ડ દ્વારા જે પુરાવા માંગવામાં આવ્યા છે તે ટૂંકા ગાળામાં એકત્ર કરવા ખુબ જ મુશ્કેલ છે. ઉપરાંત બોર્ડની જોગવાઈ મુજબ ધોરણ-૧૨ની પરીક્ષા માટે કોઈ પણ બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ અને એલ.સી. હોવું જોઈએ. જેથી આ પરિપત્રમાં વિનિયમનો ઉલ્લંઘન થતું હોવાનું જણાવી બોર્ડ દ્વારા સોફ્ટવેરમાં ફેરફાર કરી ઓનલાઈન ફોર્મ સ્વિકારવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની કાર્યવાહી શરૂ કરી હતી. જોકે, ઓનલાઈન આવેદનપત્રો ભરવાની કાર્યવાહી દરમિયાન અનેક વિદ્યાર્થીઓ ઓછી ઉંમર ધરાવતા હોવાના લીધે તેઓ ફોર્મ ભરી શક્યા ન હતા. આ અંગે વિદ્યાર્થીઓએ બોર્ડનું પણ ધ્યાન દોર્યુ હતું. વિદ્યાર્થીઓની ઉંમર ઓછી હોવાના લીધે ફોર્મ સ્વિકારતા ન હોવાનું ધ્યાને આવ્યા બાદ બોર્ડ દ્વારા આવા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે. જેમાં ઓછી ઉંમર ધરાવતા વિદ્યાર્થીઓના ફોર્મ બોર્ડ દ્વારા હવે રૂબરૂમાં સ્વિકારવાનું નક્કી કર્યુ છે.

જોકે, બોર્ડ દ્વારા ફોર્મ સ્વિકારવા માટે ત્રણ આધાર પુરાવા માંગ્યા છે. જેમાં વિદ્યાર્થીઓએ જન્મ તારીખનો સક્ષમ સત્તાધિકારીનો દાખલો, ધોરણ-૧નો પ્રવેશ અંગેનો શાળાનો પત્ર-એડમિશન ફીની રસીદ તથા ધોરણ-૧ બાદ જેટલી શાળામાં પ્રવેશ મેળવ્યા હોય તે શાળાની એલસીની નકલ આપવાની છે. જોકે, બોર્ડના આ નિર્ણય બાદ ફરીવાર વિવાદ થયો હોવાનું જાણવા મળે છે. જેમાં ફોર્મ રૂબરૂમાં જમા કરાવવાની અંતિમ તારીખ ૩૦ ડિસેમ્બર રાખવામાં આવી છે, જેથી ટૂંકા ગાળામાં આ તમામ પુરાવા એકત્ર કરવા શક્ય ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. ઉપરાંત ધોરણ-૧૧ના નિયમિત પ્રવેશ માટે ધોરણ-૧૦ પાસ અને એલ.સી હોવું જરૂરી છે ત્યારે આ નિયમ હોવા છતાં બોર્ડ દ્વારા કયા નિયમ હેઠળ પરિપત્ર કર્યો તે સ્પષ્ટ નથી.

'નીટ' અને 'જેઈઈ' પરીક્ષા માટે

# આધાર કાર્ડ લિન્ક કરવાના નિર્ણયને હાઈકૉર્ટમાં પડકારાયો

ગાંધીનગર, તા. ૨૩

NEET અને JEEની પરીક્ષા માટે આધારકાર્ડ લિંક કરવાના નિર્ણયને હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો છે. આ મામલે ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ હાઈકોર્ટ સમક્ષ રિટ કરી છે. જેમાં એવી રજૂઆત કરી છે કે, 'જે વિદ્યાર્થી પાસે આધારકાર્ડ ન હોય તેમને ફોર્મ ભરવાની સાઈટ પર અન્ય કોઈ વિકલ્પ આપવામાં આવ્યો નથી. જેની પાસે આધારકાર્ડ ના હોય તેને અન્ય કોઈ વિકલ્પ આપવો જોઈએ.' હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ. પંચોલીની ખંડપીઠે રાજય સરકારને આ મામલે સ્પષ્ટતા કરવાનું કહ્યું છે.

ધોરણ-૧૨માં અભ્યાસ કરતા આબિદ અલી પટેલ નામના વિદ્યાર્થીએ આ મુદ્દે પિટિશન કરી છે. જેમાં એવી રજૂઆત કરી હતી કે, 'નેશનલ એલિજીબિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ અને જોઈન્ટ એન્ટ્રેન્સ એક્ઝામીનેશનમાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશન દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, આ બંને પરીક્ષામાં બેસવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તેમની અરજી સાથે આધારકાર્ડ નંબર લિંક કરવો ફરજીયાત છે. સરકાર વિદ્યાર્થીઓને આધારકાર્ડ લિંક કરવાની ફરજ પાડી શકે નહી. અરજદાર માઈનોર છે અને સરકાર તેનો આધારકાર્ડ મેળવીને પ્રાઈવસી (ગોપનિયતા)નો ભંગ કરી રહી છે. જેથી આધારકાર્ડ નંબરનો આગ્રહ રાખવાને બદલે અન્ય કોઈપણ ઓળખકાર્ડ સ્વીકારવામાં આવવું જોઈએ. જાન્યુઆરી ૨૦૧૮ના દ્વિતીય સપ્તાહમાં બંને પરીક્ષા માટે ઓનલાઈન પરીક્ષા માટે ફોર્મ ભરવાના છે, ત્યારે તે સિસ્ટમ આધારકાર્ડ નંબર સિવાય ફોર્મ સ્વીકારે તેવો આદેશ આપવા માટે દાદ માગવામાં આવી છે.'

હાઈકોર્ટની ખંડપીઠ બાબતને ગંભીરગણી કેન્દ્ર સરકારના વકીલને બપોર સુધીમાં જવાબ રજુ કરવા સ્પષ્ટતા કરી હતી, જ્યારે કોઈ વિદ્યાર્થી પાસે આધારકાર્ડ ન હોય તો તેઓ જ્યારે અપ્લાય કરે ત્યારે જ ૧૪ ડિજીટ નબંર જનરેટ થાય છે અને તે નંબર નાખવામાં આવે તો સિસ્ટમ તે અરજી મંજૂર કરે છે.

જોકે અરજદારે એવી દલીલ કરી હતી કે, સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોઈ પણ વ્યક્તિની ખાનગી માહિતી કેમ જાહેર કરી દેવામાં આવે. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ પર આધાર નંબર જાહેર કરવા દબાણ ન કરી શકાય. જે દલીલ ધ્યાને લઈ હાઈકોર્ટે આ બાબતે સ્પષ્ટતા કરવા કેન્દ્ર સરકારને આદેશ આપી કેસની વધુ સુનાવણી આગામી ૨૭મી ડિસેમ્બરના રોજ મુકરર કરી છે.

## સાયન્સમાં નાપાસ વિદ્યાર્થીઓ માટે એપ્રિલમાં ખાસ પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૨૩

સાયન્સની પરિક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવાની વધુ એક તક મળી રહે તે માટે બોર્ડ દ્વારા એપ્રિલ-૨૦૧૮માં લેવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવાયો છે. સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ રદ થયા બાદ માર્ચ-૨૦૧૮માં સેમેસ્ટર સિસ્ટમ વગરના અભ્યાસક્રમની પરિક્ષા લેવામાં આવનાર છે. ત્યારે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને તક આપવા માટે બોર્ડ દ્વારા નિર્ણય લેવાયો છે. આ માટે વિદ્યાર્થીઓને ૩૧ ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે તેમ બોર્ડ દ્વારા જણાવ્યું છે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરિક્ષા સાયન્સ સેમેસ્ટર ૧થી ૪નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને સાયન્સ સેમેસ્ટર-૧થી ૪ની પરિક્ષાના તમામ વિષયોમાં ઉપસ્થિત રહ્યા બાદ વિદ્યાર્થી નાપાસ થયા હોય. ઉપરાંત જુલાઈ-૨૦૧૭ અને તે પહેલાની જુલાઈની પૂરક પરિક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની ખાસ પરિક્ષા લેવાનું બોર્ડે નક્કી કર્યુ છે. આ ખાસ પરિક્ષા એપ્રિલ-૨૦૧૮માં જે તે જિલ્લાના મથકના પરિક્ષા કેન્દ્ર ખાતે લેવાશે. આ પરિક્ષામાં ઉપસ્થિત થવા માંગતા વિદ્યાર્થીઓએ ૩૧ ડિસેમ્બર સુધીમાં બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

# એમ.સી.આઈ.ને નવેમ્બર ૨૦૧૮ સુધીનું એક્સટેન્શન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૩

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ)ને નવેમ્બર ૨૦૧૮ સુધીનું એક્સટેન્શન આપી દેવાયું છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એમસીઆઈના સ્થાને નેશનલ મેડિકલ કમિશન લાવવાની જાહેરાત કરી હતી. આ કમિશનના અમલની સાથે જ એમસીઆઈની મુદત પૂર્ણ થઈ જશે તેવી સ્પષ્ટતા પણ કરાઈ હતી. જો કે, હવે જયાં સુધી કમિશનની રચના થયા બાદ તે સંપૂર્ણ રીતે કાર્યરત ન થાય ત્યાં સુધી મેડિકલ કાઉન્સિલની મુદત વધારવાની જાહેરાત કરાઈ છે. એક વર્ષનું એક્સટેન્શન અપાયું છે પરંતુ જો આ દરમિયાન કમિશન કાર્યરત થઈ જાય તો એમસીઆઈની સમયમર્યાદા પૂર્ણ ગણાશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

MCIની ચાર વર્ષ મુદત વધારાઈ હતી. ૧૪મી ડિસેમ્બરે સમયમર્યાદા પૂર્ણ થઈ ચૂકી છે. બીજીબાજુ કાઉન્સિલના સ્થાને કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ મેડિકલ કમિશન લાવવાની જાહેરાત કરી દેવાઈ છે. મેડિકલના સૂત્રો કહે છે કમિશન લાવવાની જાહેરાત કરાઈ છે પરંતુ કમિશનની રચના અંગે કોઈ નક્કર કામગીરી થઈ નથી. આ સ્થિતિમાં એમસીઆઈને વીખેરી દેવામાં આવે તો મેડિકલ એજ્યુકેશનમાં અનેક પ્રકારની અવ્યવસ્થા અને અરાજક્તાભરી સ્થિતિ ઊભી થાય તેમ છે. જેના કારણે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જયાં સુધી નવું મેડિકલ કમિશન અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી એમસીઆઈને યથાવત રાખવાની જાહેરાત કરી દેવામાં આવી છે.

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત

# બિરલા મહાવિદ્યાલય ખાતે શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનો આરંભ






ગાંધીનગર, તા. ૨૩

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ચાર અલગ અલગ વિષય પર શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનો આરંભ કરવામાં આવ્યો છે, જેમાં હ્યુમન વેલ્યુ ઈન ટેકનીકલ એજ્યુકેશન, ડિઝાઈનીંગ વાયરલેસ સિસ્ટમ એન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, મશીન લર્નિંગ એન્ડ ઈટ્સ એપ્લીકેશન, એપ્લિકેશન ઓફ સોફ્ટવેર ઈન મીકેનીકલ એન્જિનીયરિંગનો સમાવેશ થાય છે.

આ તાલીમ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે એન્જીનિયર મયુરભાઈ પટેલ (માનદ સહમંત્રી, સીવીએમ), હસિત કાજી (સેન્ટર હેડ), ડૉ. ઈન્દ્રજિત એન પટેલ (પ્રિન્સિપાલ), ડૉ. એસ ડી ધીમન (સંયોજક, તાલીમ કાર્યક્રમ), ડૅ. ડી જી ઠાકોરે (હેડ, કોમ્પ્યુટર એન્જિ.), ડૉ. પી એમ જ્યોર્જ (હેડ, મીકેનીકલ એન્જિ.), ડૉ. તન્મય પવાર (હેડ, ઈલેક્ટ્રોનિક્સ એન્જિ.) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. આકાર રોગલીયાએ પ્રર્થના ગીત રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ધરિતા પટેલે કર્યું હતું અને અંતે ડૉ. પી એમ જ્યોર્જ દ્વારા આભારદર્શન કરવમાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં રાજ્યની વિવિધ ઈન્સ્ટીટ્યુટ્સમાંથી ૧૬૫ કરતાં વધુ અધ્યાપકો ભાગ લઈ રહ્યા છે, જેમને ૬૦થી વધારે તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.

# 'હેરીટેજ' થીમ સાથે ૧૦મો કાંકરિયા કાર્નિવલ

### વડાપ્રધાન ઉપસ્થિત રહેશે : મ્યુઝિકલ કાર્યક્રમો સહિત અનેક આકર્ષણો જામશે



ગાંધીનગર, તા. ૨૩

વિધાનસભા ચૂંટણી બાદ યોજાઈ રહેલાં કાંકરીયા કાર્નિવલનાં ૧૦માં વર્ષની ઉજવણી હેરિટેજ થીમ આધારિત કરવામાં આવશે અને ઝાકમઝોળ-ધામધૂમથી યોજાનારા કાંકરીયા કાર્નિવલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહી કાર્યકરોનો ઉત્સાહ વધારે તેવી ધારણા સેવાઈ રહી છે.

મેયર ગૌતમ શાહે કાંકરીયા કાર્નિવલની વિગતો આપતાં કહયું કે, દર વર્ષની જેમ આ વર્ષે યોજાનારા કાર્નિવલની વિશેષતા એ છે કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૮માં શરૂ કરાવેલાં કાર્નિવલનાં નવ વર્ષ પૂરા થયા છે અને દસમા વર્ષમાં પ્રવેશ થતો હોવાથી તેમજ અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજ સિટી તરીકેનુ બિરૂદ પ્રાપ્ત થયુ છે તેથી કાર્નિવલની અલગ જ તરાહથી ઉજવણી કરવાનો નિર્ણય લેવાયો છે. તેમાં મુખ્યત્વે કાર્નિવલની ઉજવણી હેરિટેજ થીમ ઉપર કરવામાં આવશે.

વિધાનસભા ચૂંટણીમાં ભાજપે પુનઃ સત્તાનુ સુકાન સંભાળ્યુ છે તેથી આગામી સપ્તાહમાં નવા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તથા સરકારના મંત્રીઓનાં શપથવિધિ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહેશે. ત્યારે મ્યુનિ. સત્તાધીશો તથા ભાજપ નેતાગીરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાંકરીયા કાર્નિવલનાં ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહી કાર્યકરોનો ઉત્સાહ વધારે તેવી લાગણી વ્યકત કરી હોવાનુ જાણવા મળ્યુ છે.

ડે.મેયર પ્રમોદાબેન સુતરીયા, પક્ષનેતા બિપીન સિક્કા, દંડક લાલસિંહ ઠાકોર તથા રિક્રીએશનલ કમિટી ચેરપર્સન બિજલબેન પટેલ તથા કમિશનર મુકેશકુમારની ઉપસ્થિતિમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં વધુ વિગતો આપતાં મેયરે કહયું કે, કાંકરીયા લેકફ્રન્ટમાં દર વર્ષે યોજાતાં પરંપરાગત અને રાબેતા મુજબનાં કાર્યક્રમો તો યોજાશે જ તેની સાથે સાથે હેરિટેજ થીમ મુજબ શહેરનાં વિવિધ દરવાજા સહિતની પ્રતિકૃતિઓ મુકવામાં આવશે. તદઉપરાંત દર વર્ષે નવુ આકર્ષણ ઉમેરવાનાં પ્રયાસોનાં ભાગરૂપે આ વખતે નોકટરનલ હાઉસ ખુલ્લુ મુકવામાં આવશે, જયાં નિશાચર એટલે કે રાત્રિ સમયે જ સક્રિય બનતાં પશુપક્ષીઓને નિહાળી શકાશે. તેમણે કહયું કે, સને ૨૦૦૮થી શરૂ થયેલાં કાંકરીયા કાર્નિવલનાં દરેક વર્ષની ઝાંખી કરાવતી કોફી ટેબલ બુક અને કાંકરીયા કાર્નિવલ મુવીનુ લોકાર્પણ કરવામાં આવશે. કાંકરીયા લેકફ્રન્ટમાં પુષ્પકુંજ, બાલવાટિકા તથા વ્યાયમ વિદ્યાલય એમ ત્રણ જગ્યાએ મોટા સ્ટેજ બનાવવામાં આવશે, જેની ઉપર વિવિધ મનોરંજન કાર્યક્રમો યોજાશે. હેરિટેજ સિટી જાહેર થયેલાં અમદાવાદનાં વિવિધ સ્થળોએ પણ ઉજવણી કરવાનાં નિર્ણયનાં ભાગરૂપે ૨૬મી તારીખે ભદ્ર પ્લાઝા ખાતે શેડો પરફોર્મન્સ, અમદાવાદ શહેર ઉપરનાં ગીતો તથા સુફી સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવશે. જયારે ૨૭-૨૮ અને ૨૯ તારીખે સાબરમતી રિવરફ્રન્ટ ઉપર શામે ગઝલ, ફયુઝન રોક બેન્ડ અને રોક બેન્ડ તથા માણેકચોકમાં ૨૮-૨૯ તારીખે પોળ પોળ અમદાવાદની ઓળખ પોળ વિષયને લઈ નાટક ભજવવામાં આવશે.

હેરિટેજ થીમ ઉપર ઉજવણીની સાથે લેકચર સીરીઝ ઓન હેરિટેજનુ આયોજન કરવામાં આવ્યુ છે તેવી માહિતી આપતાં મેયરે કહયું કે, ૨૬મીએ એએમએ ખાતે, ૨૭મીએ એલ.ડી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજી ખાતે, ૨૮મીએ એએમએ ખાતે તથા ૨૯મીએ નવરોજી હોલ ખાતે નિષ્ણાત પ્રોફેસરો દ્વારા પ્રવચન સહિતની જાણકારી આપવામાં આવશે.

કાંકરીયા કાર્નિવલમાં ઉમટતાં લાખો નાગરિકોની સુરક્ષા માટે પગલા લેવાઈ રહયાં છે અને થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ પણ લેવામાં આવશે તેમ કમિશનર મુકેશકુમારે જણાવ્યું હતું.

ખાસ કરીને આ વખતે ગરવી ગુજરાત ગરવી ટૂર અંતર્ગત સમગ્ર રાજયનાં જુદા જુદા લોકનૃત્યોને એક પ્લેટફોર્મ ઉપર ગુજરાતના મંદિરો અને પ્રવાસન સાથે જોડી સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવવામાં આવશે.

# આઈ.આઈ.ટી., ખડગપુર દ્વારા ગ્લોબલ એન્ટરપ્રેન્યરશીપ સમિટ

ગાંધીનગર, તા. ૨૩

એન્ટરપ્રેન્યરશીપ સેલ, આઈઆઈટી, ખડગપુર દ્વારા ગ્લોબલ એન્ટરપ્રેન્યરશીપ સમિટ-૨૦૧૮ની જાહેરાત કરવામાં આવી છે, જે તેનાં મુખ્ય કાર્યક્રમો પૈકીનો એક કાર્યક્રમ છે.

ન્યૂ એજ એન્ટરપ્રેન્યર્સ, પ્રખ્યાત બિઝનેસ વ્યક્તિત્વ, વેન્ચર કેપિટાલિસ્ટ્સ અને કોલેજન વિદ્યાર્થીઓ માટે, તેમના ઉદ્યોગ સાહસિક પ્રયાસો માટે આ કાર્યક્રમ એ સૌથી મોટું ઉદ્યોગ સાહસિકતાનું પ્લેટફોર્મ છે.

જીઈએસનું મુખ્ય આકર્ષણ તેના અનુભવી અને સફળ વક્તાઓનાં વક્તવ્યો છે એ વાત વર્ષોથી નોંધવામાં આવી છે. જીઆઈએસના અગાઉના વર્ઝનમાં ગૂગલના સીઈઓ ગૂગલ પિચાઈ, ઈન્ડિયા ટીવીના સ્થાપક અને સીઈઓ રજત શર્મા, ભારત સરકારના પૂર્વ કેબિનેટ સચિવ બી કે ચતુર્વેદી, ફોર્બ્સ કટાર લેખક શ્રમણ મિત્રા, નોકરીકીમાન સ્થાપક સંજીવ ભીમચંદાણી, કલારી કેપિટલના એમડી વાણી કોલા જેવા અનેક ખ્યાતનામ, સફળ ઉદ્યોગ સાહસિકો પોતાની વાણીનો લાભ આપી ચૂક્યા છે. અહીં સેમસંગ, માઈક્રોસોફ્ટ, બીએસઈ, આઈબીએમ, ઈન્ટેલ, ફ્લિપકાર્ટ, એમેઝોન વેબ સર્વિસીસ, ડેલોઈટ, કલકત્તા એન્જલ્સ, વિમોવેર અને અન્ય કોર્પોરેટ કંપનીઝ દ્વારા ઉદ્યોગ સાહસિક કુશળતાના નિર્માણ માટે વર્કશૉપ્સ પણ છે.

ઉલ્લેખનીય છે કે આ કોન્ફરન્સ વિશ્વભરમાં ઉદ્યોગ સહસિકતાને લોકપ્રિય બનાવવા માટેની તકો અને કાર્યક્રમોની ચર્ચા માટે સંમેલન તરીકે સેવા આપે છે.

સમીટમાં ભાગ લેવા માટે www.ges.ecell-iitgp.org/register વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે.